ઊંઝાના તેજસ્વી મહિલા ધારાસભ્ય આશાબેન પટેલનું નિધન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ સહિત અગ્રણીઓની ભાવભીની અંજલિ

ગાંધીનગર, તા. ૧૨

મહેસાણા જિલ્લાના ઊંઝાના ધારાસભ્ય આશાબેન પટેલનું ડેન્ગ્યુને કારણે મલ્ટી ઓર્ગન ફેલ થતા આજે નિધન થયું છે. અમદાવાદમાં

સારવાર દરમિયાન નિધન થયા બાદ તેમના પાર્થિવ દેહને ઊંઝા લઈ જવાતા તેમના નિવાસસ્થાને સ્થાનિકોની ભીડ ઉમટી પડી હતી. પુત્રીના નિધનના પગલે માતા આંક્રંદ કરતા જોવા મળ્યા હતા. નાગરિકો અંતિમ દર્શન કરી શકે તે માટે આશાબહેનના પાર્થિવ દેહને ઊંઝા એપીએમસીમાં રાખવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ ઊંઝામાં પાર્થિવદેહના અંતિમ દર્શન કર્યા હતા. જ્યારે આવતીકાલે તેમના ગામ વિસોડ ખાતે લઈ જવામાં આવશે અને અંતિમ વિધિ સિદ્ધપુર ખાતે કરાશે.

આશાબેન પટેલના પાર્થિવદેહને ઊંઝામાં તેમના નિવાસસ્થાને સ્વપ્ન બંગ્લોઝમાં લાવવામાં આવ્યો હતો. ત્યાંથી અંતિમ દર્શન માટે ઊંઝા એપીએમસી લઈ જવામાં આવ્યો હતો. નાગરિકો ઊંઝા એપીએમસીમાં પાર્થિવ દેહના અંતિમ દર્શન કરી શકશે. રાત્રિ દરમિયાન પણ ઊંઝા માર્કેટીંગ યાર્ડમાં પાર્થિવ દેહ રાખવામાં આવશે. ત્યારબાદ આવતીકાલે સવારે વતન વિશોડ ગામે લઈ જવાશે અને ત્યારબાદ સિદ્ધપુર મુક્તિધામમાં અંતિમવિધિ કરવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઊંઝાના ધારાસભ્ય ડૉ. આશાબહેન પટેલના દુઃખદ અવસાન અંગે ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી શ્રદ્ધાંજલી પાઠવી હતી. મુખ્યમંત્રી ડૉ. આશાબહેનના પાર્થિવ દેહના અંતિમ દર્શન માટે ઊંઝા પહોંચ્યા હતા અને સદ્‌ગતને શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા. મુખ્યમંત્રીએ ડૉ. આશાબહેન પટેલે એક જાગતિક જન પ્રતિનિધિ તરીકે જનસેવા સાથે લોક પ્રશ્નોના ઉકેલ માટે સતત કાર્યરત રહીને એક સંનિષ્ઠ ધારાસભ્ય તરીકે આપેલી સેવાઓની સરાહના કરી હતી. સ્વ. આશાબહેનના આત્માની શાશ્વત શાંતિની પ્રભુ પ્રાર્થના પણ કરી હતી.

આશાબહેન પટેલના નિધન બાદ તેમના પાર્થિવદેહને અંતિમ દર્શન માટે ઊંઝા એપીએમસીમાં રાખવામાં આવ્યો છે. ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ ઉપરાંત સોમાભાઈ પટેલ, નારણભાઈ પટેલ, રજની પટેલ, મહેસાણાના સાંસદ શારદાબેન પટેલ, દૂધસાગર ડેરીના ચેરમેન અશોક ચૌધરી, પૂર્વ સાંસદ જયશ્રીબેન પટેલ સહિતના કાર્યકર્તાઓ પહોંચ્યા હતા. શ્રદ્ધાંજલિ આપતી સમયે મહેસાણાના સાંસદ શારદાબેન પટેલની આંખો ભરાઈ આવી હતી. જ્યારે તેમના ટેકેદારોએ તેમને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે ઊંઝાના ધારાસભ્ય ડૉ.આશાબહેન પટેલના નિધન અંગે ઊંડા શોકની લાગણી વ્યકત કરી શ્રદ્ધાંજલી પાઠવી છે. રાજ્યપાલશ્રીએ તેમના શોક સંદેશમાં જણાવ્યું છે કે ડૉ. આશાબહેન પટેલ જાગૃત જનપ્રતિનિધિ તરીકે ઓળખ ધરાવતા હતા. એક કર્મશીલ જનપ્રતિનિધિ તરીકે તેઓ હંમેશાં યાદ રહેશે. રાજ્યપાલશ્રીએ સદગતના આત્માને પરમ કૃપાળુ પરમાત્મા શાશ્વત શાંતિ અર્પે એવી પ્રાર્થના પણ વ્યક્ત કરી છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પણ ઊંઝાના ધારાસભ્ય ડૉ. આશાબેન પટેલની અણધારી વિદાય અંગે દુઃખની લાગણી વ્યક્ત કરી છે. પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે પણ ઊંઝાના ધારાસભ્ય ડૉ. આશાબેન પટેલની અણધારી વિદાય અંગે દુઃખની લાગણી વ્યક્ત કરી છે.

આજે સિદ્ધપુરમાં આશાબેન પટેલના અંતિમ સંસ્કાર થશે

ઊંઝા, તા.૧૨

મહેસાણાના ઊંઝાના ધારાસભ્ય ડો. આશા પટેલનું નિધન થયું છે. ઝાયડસ હોસ્પિટલમાં સારવાર દરમિયાન આશા પટેલે દુનિયાને અલવિદા કીધું છે. આશા પટેલ લાઈફ સપોર્ટ સિસ્ટમ પર હતા, ડેન્ગ્યૂના કારણે તેઓ લાઈફ સપોર્ટ સિસ્ટમ પર હતા. અતિગંભીર હાલત હોવાના કારણે આશા પટેલનું નિધન થયું છે. આશા પટેલના નિધનથી ભાજપના નેતાઓ, કાર્યકર્તાઓ અને સમર્થકોમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. આશાબેન પટેલને ડેન્ગ્યૂના કારણે મલ્ટી ઓર્ગન ડેમેજ થયા હતા. આશાબહેનનના નિધનથી ભાજપ-કોંગ્રેસના નેતાઓમાં શોક છવાયો છે.

રાજ્યના પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલનું નિવેદન સામે આવ્યું છે. તેમણે જણાવ્યું છે કે, આશાબેન પટેલ જેઓ ડેન્ગ્યૂની સારવાર હેઠળ અમદાવાદની ઝાયડસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ડોક્ટરોની ટીમના અર્થાંગ પ્રયત્નો કર્યા હોવા છતાં તેઓ બચાવી શક્યા નથી. અને તેઓનું ૧ કલાક પહેલા તેમનું દુઃખદ અવસાન થયું છે. તેમનો સમગ્ર પરિવાર અહીંયા ઉપસ્થિત છે. તેમના સગાઓ પર અહીં ઉપસ્થિ છે. ભારતીય જનતા પક્ષના ઉપપ્રમુખ ઉઝાના વતની મહેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત છે. ઉંઝા માર્કેટ યાર્ડના ચેરમેન દિનેશભાઈ પટેલ પણ ઉપસ્થિત છે.

તેમણે ઉમેર્યું હતું કે, તેમના પરિવાર અને સગાવ્હાલા સાથે વાતચીત કર્યા બાદ તેમના અંતિમ સંસ્કાર માટેનો કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો છે. થોડાક સમયમાં હોસ્પિટલની ફોર્મોલિટી બતાવીને ઊંઝા લઈ જવામાં આવશે. ઉંઝામાં તેમની સોસાયટીમાં તેમના ઘરે લઈ જવામાં આવશે. ત્યાં ધાર્મિક વિધિ પૂર્ણ કર્યા પછી લગભગ ૫.૩૦થી ૬ વાગ્યાની વચ્ચે ઊંઝા માર્કેટ યાર્ડમાં અંતિમ દર્શન માટે લઈ જવામાં આવશે, અને તમામ લોકો માટે અંતિમ દર્શનાર્થે મૂકાશે. અને સવારે તેમના વતન વિસોડ ખાતે લઈ જવામાં આવશે. અને વિસોડથી સિદ્ધપુર મુક્તિધામમાં અંતિમ સંસ્કાર માટે લઈ જવામાં આવશે. જ્યાં તમામ લોકો, ધારાસભ્યો, કાર્યકરો, પરિવારજનો હાજર રહેશે. અને ત્યાં અંતિમ સંસ્કાર કરાશે. આશા બહેનના પટેલના નિધનથી ભાજપના નેતાઓ, કાર્યકર્તાઓ અને સમર્થકોમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. ડો. આશા પટેલ વર્ષ ૨૦૧૭માં કોંગ્રેસના ઉમેદવાર હતા અને તેઓ ઊંઝા બેઠક પરથી ધારાસભ્ય બન્યા હતા.

ગૂજરાત વિદ્યાપીઠની સ્વાભિમાન શિષ્યવૃત્તિ દ્વારા છાત્રાઓ શ્રમ દ્વારા સ્વાવલંબી બની

મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરાના બી.એ. એમ.એ. પી.એચ.ડી. વિભાગમાં અભ્યાસ કરતી જરૂરિયાતવાળી કન્યા છાત્રાલયની છાત્રાઓ શનિવાર બપોર પછી અને રવિવારની રજાના દિવસે ૮ કલાક શ્રમકાર્ય કરી એક કલાકના રૂપિયા ૪૦ મુજબે રૂપિયા ૩૨૦ મેળવી મહિનાના ચાર શનિવાર અને રવિવારની રજાઓમાં ૩૨ કલાક શ્રમકાર્ય કરી એક મહિનામાં ૧૨૮૦ રૂપિયાની સ્વરોજગારી મેળવી સ્વાવલંબી બની, પગભર બની વિદ્યાભ્યાસ કરવાનું અનોખુ ઉદાહરણ સમાજને, રાજ્યને અને રાષ્ટ્રને પુરૂ પાડ્યું છે. જે સાંપ્રત સમયની સરકારની આત્મનિર્ભર ભારતની યોજના સાથે સરખાવી શકાય. આ સ્વાભિમાન શિષ્યવૃત્તિ ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક ડૉ. રાજેન્દ્ર ખીમાણીની ગાંધી વિચાર સરણીની દેન છે. સંકુલ સાદરાના સંયોજક રમેશભાઈ મ. પટેલના માર્ગદર્શન મુજબે ગૌ-સંવર્ધન કેન્દ્ર-સાદરાના ઘાસચારા ખેતી વિભાગમાં રજકાની પ્રથમ કાપણી કરવાનું શ્રમકાર્ય કન્યા છાત્રાલયની છાત્રાઓ કરી રહી છે. ગૃહમાતા સ્મીતાબેન ગામીતની દેખરેખ હેઠળ ગૂજરાત વિદ્યાપીઠની સ્વાભિમાન શિષ્યવૃત્તિ દ્વારા કન્યા છાત્રાલયની જરૂરિયાતવાળી છાત્રાઓ શ્રમકાર્ય દ્વારા સ્વાવલંબી બની રહી છે.

ઓટોમેટિક રેઈનગન ઈરીગેશન સિસ્ટમથી પાણીના વપરાશમાં ૫૦ ટકાની બચત

એગ્રી એશિયા એકઝિબ્યુશનમાં ઓટોમેટીક ટ્રાવેલ રેઇનગન ઇરીગેશન સિસ્ટમનુ લોન્ચીંગ : ઓટોમેટિક ટ્રાવેલ રેઇનગનના આધારે ખેડુતો મેનપાવર વગર જ ૮ કલાકમાં ૫ એકર જમીનમાં પાણી પહોંચાડી શકે છે : પાણી અને ઉર્જાનો બચાવ કરતી આ સિસ્ટમ દરેક પ્રકારની ખેતી માટે સિંચાઇના ઉપયોગમાં લઇ શકાય છે

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરમાં હાલ ચાલી રહેલા એગ્રી એશિયા એકઝિબ્યુશનમાં ખેત પાકોમાં સિચાઈ માટે ઓટોમેટિક ટ્રાવેલ રેઇનગન ઇરિગેશન સિસ્ટમનુ લોન્ચીંગ કરવામાં આવ્યુ હતુ આ મશીનના આધારે ખેડુતો મેનપાવરના ઉપયોગ વિના માત્ર ૮ કલાકમાં ૫ એકર જમીનમાં પાણી સપ્લાય કરી શકે છે. જયારે આ મશીનને કાર્યરત કરવા માટે વિજ વપરાશ પણ થતો નથી મશીન પાણીના પ્રેશરથી ચાલે છે. જેના લીધે પાણી અને ઉર્જા બન્નેની બચત થાય છે.

ગાંધીનગરમાં એગ્રી એશિયા એકઝિબ્યુશનનો પ્રારંભ થયો છે. ખેતીને લગતી અદ્યતન ચીજવસ્તુઓ મશીનરી સહીતની પ્રોડકટસ આ એકઝિબ્યુશનમાં મુકવામાં આવી છે. જયારે આ એગ્રી એકસ્પોમાં ખેતી માટે અદ્યતન પધ્ધતિ અપનાવી ખર્ચ ઘટાડતા ઉપકરણો પણ ખેડુતો માટે આકર્ષણનુ કેન્દ્ર બન્યા છે. અમદાવાદની ઓગ્રોટીસ ટેકનોલોજીએ પરીધાન ફાર્મા સાથે ખેડુતો માટે ઓટોમેટિક ટ્રાવેલ રેઈનગન ઈરીગેશન સિસ્ટમ નામની પ્રોડકટસ પણ લોન્ચ કરી છે. જેના આધારે ખેત પાકોની સિંચાઈમાં પાણીની ૫૦ ટકા બચત થાય છે. રેઇનગન ઈરિગેશન સિસ્ટમના આધારે માત્ર ૮ કલાકમાં ૫ એકર જમીનમાં પાણી પહોંચે છે. જયારે આ માટે કોઇ મેનપાવરની પણ જરૂર પડતી નથી.પરિધાન ફાર્માના એમ ડી ધ્રુવ પટેલ એગ્રોટીસના વિનોદ ગજજર , ચિંતન પટેલ તેમજ મિતુલ પંચાલે આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે આ મશીન માત્ર પાણીના પ્રેશરથી કાર્યરત થાય છે. જયારે આ માટે કોઇપણ પ્રકારની ઈલેક્ટ્રીસીટીની જરૂર પડતી નથી જેના લીધે ખેડુતોને વિજબીલમાં પણ બચત થાય છે. આ મશીન એગ્રી એક્સ્પોમાં લોન્ચ કરવામાં આવ્યુ છે ત્યારે મશીનની કીંમત હજુ આખરી થઇ નથી પરંતુ અંદાજિત ત્રણથી સાડા ત્રણ લાખ રૂપિયામાં આ મશીન ખેડુતોને ઉપલબ્ધ થશે. સાદી રેઈનગન અને ઓટોમેટીક ટ્રાવેલ રેઈનગન ઈરીગેશન સિસ્ટમમાં નોંધપાત્ર તફાવત છે. ઓટોમેટીક રેઈનગન સિસ્ટમમાં પાઇપલાઇનની ઓછી જરૂર પડે છે જયારે ખર્ચ પણ ઓછો થાય છે. જયારે આ મશીનને એક જગ્યાએથી બીજી જગ્યાએ પણ લઈ જઈ શકાય છે. એક વખતમાં ૨૧ હજાર ચો મી વિસ્તારમાં સિંચાઇ થઇ શકે છે. આમ ઓટોમેટીક ટ્રાવેલ રેઈનગન ઈરીગેશન સિસ્ટમ અપનાવાથી ઉર્જા અને પાણીની બચત થાય છે. આ મશીનના ઉપયોગ માટે મેન પાવરની જરૂર પડતી નથી જયારે એકવાર સામન્ય પાઈપલાઈ નાંખ્યા બાદ વર્ષો વર્ષ સુધી તેનો ઉપયોગ કરી શકાય છે. લાંબા સમય સુધી કોઇપણ ખર્ચ કે મરામતની કે ફિલ્ટર લગાવાની પણ જરૂર રહેતી નથી.

માણસામાં વિશ્વાસની વિશ્વાસઘાતની ફરિયાદ

પત્ની કેનેડા સ્થાયી થયા બાદ પતિને નહીં બોલાવતાં વિશ્વાસઘાતની ફરિયાદ

અમદાવાદ, તા.૧૨

સામાન્ય રીતે ભારતમાં એવી ફરિયાદો નોંધાતી જોવા મળી છે કે, પતિઓ પોતાની પત્નીઓને છોડીને વિદેશમાં સ્થાયી થઈ ગયા હોય. પરંતુ અહીં એક પતિએ પત્ની સામે તેને છોડીને વિદેશમાં જઈને વસી જવાની ફરિયાદ નોંધાવી છે. પતિની ફરિયાદ પ્રમાણે, તેણે પત્નીને કેનેડા મોકલવા માટે ૩૦ લાખ રૂપિયા ખર્ચ્યા હતા પરંતુ હવે પત્ની તેને ત્યાં બોલાવતી નથી.

૨૫ નવેમ્બરે ગાંધીનગર જિલ્લાના માણસા પોલીસ સ્ટેશનમાં આ ફરિયાદ નોંધાઈ હતી. વિશ્વાસ પટેલે પોતાની પત્ની પલક પટેલ સામે વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. વિશ્વાસ પટેલે ફરિયાદમાં જણાવ્યું કે, તેણે નવેમ્બર ૨૦૧૪માં પલક સાથે લગ્ન કર્યા હતા. પલકની ઈચ્છા કેનેડા જવાની હતી, જેથી વિશ્વાસ અને તેના પરિવારે IELTSની પરીક્ષા પાસ કરીને કેનેડા જઈ શકે તે માટે મદદ કરી હતી. પલક અને તેના પરિવારે વચન આપ્યું હતું કે, તેણી કેનેડા જઈને પતિને પણ ત્યાં બોલાવી લેશે.

પલક નવેમ્બર ૨૦૧૬માં કેનેડા ગઈ હતી. આ વર્ષની શરૂઆતમાં તેણે કેનેડાની નાગરિકતા લેવા માટે પ્રક્રિયા શરૂ કરી હતી. જેના માટે તેને પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટ (PCC)ની જરૂર હતી. માણસા પોલીસે સમયસર જવાબ ના આપતાં તેની PCCની અરજી પેન્ડિંગ રહી હતી. જ્યારે પલકના પતિ અને સાસુ-સસરાને તેના કેનેડાની નાગરિકતા મેળવવાની પ્રક્રિયા વિશે જાણ થઈ ત્યારે તેમણે માણસા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. તેમણે ફરિયાદમાં જણાવ્યું કે, પલક તેના પતિને કેનેડા બોલાવતી નથી અને તેના ત્યાં જવા માટે તેમણે જે રૂપિયા ખર્ચ્યા હતા તે પણ પાછા નથી આપી રહી. આ રીતે પલક વિશ્વાસઘાત કર્યો છે. આ કેસમાં પલકનો સાથ આપવા બદલ તેના માતાપિતા સામે પણ ફરિયાદ નોંધાવામાં આવી છે. PCC મેળવવાની પ્રક્રિયા લટકી પડતાં પલકે પોલીસની ઢીલી કામગીરી સામે ગુજરાત હાઈકોર્ટમાં ફરિયાદ કરી હતી. જે બાદ પોલીસે તાત્કાલિક તેને પોલીસ વેરિફિકેશન સર્ટિફિકેટ આપ્યું હતું.

પલક કેનેડામાં સેટલ થઈ ગઈ છે અને તેની પાસે સમયની કમી હોવાથી તેણે ટોરેન્ટો સ્થિત ઈન્ડિયન એમ્બસીમાં ક્લીયરન્સની પ્રક્રિયા પૂરી કરવા માટે અરજી કરી હતી. ૨૯ ઓક્ટોબરે હાઈકોર્ટે પ્રાદેશિક પાસપોર્ટ ઓફિસ અને કૉન્સલ જનરલ ઓફ ઈન્ડિયાને પીસીસીની પ્રક્રિયા ૧૫ દિવસની અંદર પૂરી કરવાનો આદેશ આપ્યો જેથી પલકની કેનેડાની નાગરિકતા મેળવવાની પ્રક્રિયા આગળ વધારી શકે.

આ આદેશના ૨૬ દિવસ પછી પણ પલકને પીસીસી મળ્યું નહોતું. બીજી તરફ માણસા પોલીસે પલક અને તેના માતાપિતા સામે છેતરપિંડી, વિશ્વાસઘાત અને ઉશ્કેરણીની ફરિયાદ નોંધી છે. પલકે એડવોકેટ નિલય પટેલ મારફતે હાઈકોર્ટમાં રજૂઆત કરી હતી કે, આરપીઓ અને કૉન્સલ જનરલને જાણીજોઈએને કોર્ટના આદેશની અવગણના કરવા બદલ સજા આપવામાં આવે. તેમણે આ આદેશ અવગણતાં પલકની સિટીઝનશીપ મેળવવાની પ્રક્રિયામાં વિલંબ થયો સાથે જ ત્યાંની પોલીસે પણ મોડું કરવા બદલ તેની પાસે ગુનો દાખલ કર્યો હતો. જસ્ટિસ એ.જે. દેસાઈ અને જસ્ટિસ એસ.જે. દવેએ ટોરેન્ટો સ્થિત આરપીઓ અને કૉન્સલ જનરલને નોટિસ ફટકારીને જવાબ માગ્યો છે. કોર્ટે તેમને પૂછ્યું છે કે, કોર્ટના આદેશની અવગણના કરવા બદલ તેમની સામે પગલાં શા માટે ન લેવામાં આવે તે જણાવે. તેમને ૧૪ ડિસેમ્બર સુધીમાં જવાબ આપવાનું કહેવાયું છે.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટમાં અમદાવાદના ઉદ્યોગકારો ભાગ લે તે અંગે વર્કશોપ યોજાયો

જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ઔદ્યોગિક એસોસિયેશન અને ઉદ્યોગકારોને વિગતવાર માર્ગદર્શન અપાયું

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત સરકાર દ્વારા મહાત્મા મંદિર-ગાંધીનગર ખાતે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ

સમીટ-૨૦૨૨નું તા.૧૦-૦૧-૨૦૨૨ થી તા.૧૨-૦૧-૨૦૨૨ દરમ્યાન આયોજન થનાર છે. જે અન્વયે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર-અમદાવાદ દ્વારા ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ ખાતે અમદાવાદ જિલ્લાના તમામ ઔધોગિક અસોસીએશન તથા ઉદ્યોગકારોને જાણકારી અને માર્ગદર્શન આપતાં વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર-અમદાવાદ દ્વારા વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ-૨૦૨૨ માં યોજાનાર વિવિધ કાર્યક્રમો તથા તેમાં ભાગ લેવા માટેની રજીસ્ટ્રેશનને લગત વિસ્તૃત જાણકારી પ્રેઝન્ટેશન સાથે આપવામાં આવી હતી.

આ ઈવેન્ટમાં યોજાનાર વિવિધ કાર્યક્રમોમાં અમદાવાદ જિલ્લાના બહોળી સંખ્યામાં ઉદ્યોગકારો ભાગ લે તે માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર આર.ડી. બારહટે અનુરોધ કર્યો હતો. આ બેઠકમાં ઉપસ્થિત રહેલ એસોસીએશન તથા ચેમ્બર ઓફ કોમર્સના હોદ્દેદારોને વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ-૨૦૨૨ સફળતાપૂર્વક પાર પડે તે માટે વેબસાઈટ્સ.દ્ગેહ્વક્રિંહંઃ્રેદ્બઠ્ઠદ્ગિંઁ.ર્ઠદ્ધ પર વધુમાં વધુ રજીસ્ટ્રેશન કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

આ બેઠકમાં ગુજરાત સરકારની ૨૦ થી વધુ સેક્ટર સ્પેસીફિક સહાય પોલિસીઓ જેવી કે ઔદ્યોગિક નીતિ-૨૦૨૦, ગારમેન્ટ અને એપરલ પોલિસી, ઈલેક્ટ્રીકલ વ્હીકલ પોલિસી ઈન્ટીગ્રેટેડ લોજીસ્ટીક્સ અને લોજીસ્ટીક પાર્ક પોલિસી, સોલાર પોલિસી, એગ્રો- બીઝનેસ પોલિસી, ્રીજી પોલિસી, એરોસ્પેસ અને ડીફેન્સ પોલિસી વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણને આંતરરાષ્ટ્રીય કક્ષાનું બનાવવા સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે દ્વિ દિવસીય સેમિનારનું આયોજન

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણને આંતરરાષ્ટ્રીય કક્ષાનું બનાવવા માટે ટેન્ટ સીટી-૨, સ્ટેચ્યૂ ઓફ યુનિટી, નર્મદા ખાતે બે દિવસના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૩ અને ૧૪ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ આયોજિત આ સેમિનારમાં રાજયની તમામ યુનિવર્સિટીના કુલપતિ, રજિસ્ટ્રારનેંઊછઝ કો-ઓર્ડિનેટર હાજરી આપશે.

રાજ્યના શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણી અને રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી કુબેરભાઈ ડીંડોર અને કિર્તિસિંહ વાઘેલાની ઉપસ્થિતિમાં આ સેમિનારનો શુભારંભ થશે. રાજ્યના ઉચ્ચ શિક્ષણ વિભાગના અગ્ર સચિવ એસ.જે. હૈદર અને ઉચ્ચ, ટેકનિકલ શિક્ષણના નિયામક પણ કાર્યક્રમમાં સહભાગી થશે. ઉલ્લેખનીય છે કે રાજ્યની સરકારી, ખાનગી અને સેક્ટોરિયલ યુનિવર્સિટીના કુલપતિ, રજિસ્ટ્રાર અનેંઊછઝ કો-ઓર્ડિનેટર સહિતના આશરે ૨૪૦ મહાનુભાવો સેમિનારમાં ઉપસ્થિત રહેશે.

આ સેમિનાર અંગેની રૂપરેખા આપતા શિક્ષણ વિભાગના અગ્ર સચિવ એસ.જે હૈદર જણાવે છે કે ભારતીય શિક્ષણ પ્રણાલિ એ ૮૦૦ યુનિવર્સિટીઓ, ૩૯,૦૦૦ કોલેજ અને ૨૦ મિલિયનથી વધુ વિદ્યાર્થીઓની ક્ષમતા સાથેની વિશ્વની બીજી સૌથી મોટી ઉચ્ચ શિક્ષણ પ્રણાલિ છે. વળી ભારતની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ એવા અભ્યાસક્રમો-ડિગ્રીઓ ઓફર કરે છે જે ગુણવત્તાની દ્રષ્ટીએ વિશ્વ બજારમાં સ્પર્ધાત્મક છે, ત્યારે આ સેમિનાર વૈશ્વિક બજારમાં ભારતીય શિક્ષણ પ્રણાલિને વધુ સ્પર્ધાત્મક બનાવશે.

બે કલાકમાં જ...

● પહેલા પાનાનું ચાલુ

વધુ શક્તિશાળી છે અને તે ઝડપથી ફેલાય છે. કહેવામાં આવી રહ્યું છે કે આ બીમારીની તપાસ કર્યા બાદ ત્રણથી ચાર દિવસ લાગે છે. તે પછી જ તે વ્યક્તિ ઓમિક્રોનથી સંક્રમિત છે કે નહીં તે જાણી શકાય છે.

આસામ સ્થિત ડિબ્રુગઢેંઝઈ-ઈઈઝઝએ આવી ટેસ્ટિંગ કિટ વિકસાવી છે જે માત્ર બે કલાકમાંદ્વિષ્ઠહિ વેરિઅન્ટની હાજરી વિશે માહિતી આપી શકશે. અહીંના ડૉક્ટર વિશ્વ બોરકોટોકીએ આ કીટ તૈયાર કરી છે. ડોક્ટર બોરકોટોકી અનેંઝઈના પ્રાદેશિક તબીબી સંશોધન કેન્દ્રની ટીમે રીઅલ-ટાઈમ ઈ્ઁઝઈ ટેસ્ટ કીટ તૈયાર કરી છે. આ ટેસ્ટ કીટ સમય બચાવે છે. જેથી એરપોર્ટ ટેસ્ટિંગ માટે ખુબ જ ઉપયોગી સાબિત થશે. લેબમાં ટેસ્ટિંગ દરમિયાન આ કિટનો ૧૦૦% સચોટ ફાયદો મળ્યો છે. હવે તેના પરિણામોની તપાસ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી પુણેમાં થઈ રહી છે. ટૂંક સમયમાં તેનું પરિણામ જાહેર કરવામાં આવશે.

ડૉ. વિશ્વા બોરકોટોકીની સાથે તેમની ટીમમાં કામ કરતા લોકોએ કહ્યું કે તેઓ આ પ્રોજેક્ટમાં કામ કરવા બદલ ગર્વ અનુભવે છે. આ કિટ હવે ઈઈઝઝ ડિબ્રુગઢની ડિઝાઈનના આધારે બનાવવામાં આવશે. આ કીટ બનાવવાની જવાબદારી કોલકાતા સ્થિત બાયોટેક કંપની ઝ્ઝઝ બાયોટેકને આપવામાં આવી છે. જેંમોડમાં આગામી ૩થી ૪ દિવસમાં ઉત્પાદન શરૂ કરશે. એવી અપેક્ષા છે કે આ મેડ ઇન ઇન્ડિયા કિટ આગામી એક સપ્તાહમાં બજારમાં ઉપલબ્ધ થશે.

ગુજરાતમાં જન્મતા ૧૦૦ બાળકોમાંથી છ બાળકોમાં શ્રવણ સમસ્યા

ગુજરાતમાં ૧૦૦ બાળકોમાંથી ૬ બાળકો જન્મથી જ સાંભળવાની સમસ્યા ધરાવતા હોય છે જેને લઈને આવા બાળકોની શ્રવણ સમસ્યાનું નિરાકરણ અર્થે ગુજરાતમાં પ્રથમ સાઉન્ડ ફોર હીયરીંગ એન્ડ સ્પીચ ક્લિનીક દ્વારા પ્રિમીયમ ઓડીયોલોજી અને સ્પીચ ક્લિનીકનો પ્રારંભ આવતીકાલે રવિવારે અનુરાધા પોંડવાલના હસ્તે થશે. ઉપરાંત અનુરાધા પોંડવાલને આ ક્લિનીક માટે બ્રાન્ડ એમ્બેસેડર તરીકે પણ લેવામાં આવ્યા છે. અમદાવાદ બાદ આગામી સમયમાં ગુજરાતમાં મહત્વના સુરત, રાજકોટ અને બરોડામાં ક્લિનીક ખોલવામાં આવશે અને ત્યારબાદ દેશભરમાં ૧૦૦ જેટલા ક્લિનીક ખોલવાનો લક્ષ્યાંક સેવવામાં આવ્યો છે.

આ અંગે ડૉ. અમીત આનંદે વધુમાં જણાવ્યું હતું કે અમારી પાસે સાંભળવાની સમસ્યા ધરાવતા દર્દીની સારવાર માટે સાઉન્ડ ફીટ હીયરીંગ એન્ડ સ્પીચ ક્લિનીક એક પ્રિમીયમ સેન્ટર તરીકે ઉભરી આવશે. આ ઉપરાંત અમારા આ પ્રિમીયમ ક્લિનીકમાં સૌપ્રથમવાર બાળકો તેમજ પુખ્તવયના અને વૃદ્ધ દર્દીઓમાં વાણી અને ભાષાની તકલીફો અંગે સારવારની શ્રેષ્ઠ સુવિધાઓ પ્રાપ્ય થશે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે કોરોનાના વાયરસને લઈને કોરોના બાદ ઘણા દર્દીઓમાં ચક્કર આવવાની સમસ્યા પેદા થઈ હતી. જેને વર્ટીગો કહેવાય છે. વર્ટીગો એ મૂળ કાનજન્ય રોગ છે. જેને અમે અમારી આ પ્રિમીયમ ટેકનોલોજી આધારિત થેરાપી આપીને મહદઅંશે ૧૦ દિવસમાં વર્ટીગોને બાયપાસ આપવાનું કામ કરીશું.